# ધનસુરા પંથકના કરચોરોને છાવરતું આયકર તંત્ર

## આવકવેરા વિભાગની આંખમાં ધૂળ નાખી લાખો રૂપિયાની બેનામી મિલકતો વસાવનાર કારખાનેદાર સામે પગલાં ભરવા માંગ : આવકવેરા વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ અને કરચોરોની મિલીભગતથી સરકારી તિજોરીને નુકશાન

ધનસુરા, તા. ૨૮

કેન્દ્ર સરકાર દ્વારા કરચોરો સામે કડક હાથે ઝુંબેશ ચલાવી સરકારી કરવેરાની ચોરી કરનારા સામે પગલાં ભરવાની અનેક વાર જાહેરાત કરવા છતાં તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ પોતાના અંગત હિતને ખાતર સરકારી તિજોરીને મોટે પાયે નુકશાન પહોંચાડી રહ્યા છે. સામાન્ય નાગરિક કે કર્મચારીને કરવેરાની ચુંગાલમાં ફસાવી કડક વસુલાતનો રોફ જમાવતા અરવલ્લી જિલ્લાના આયકર વિભાગના અધિકારીઓ ધનસુરા પંથકના કરચોરોને આંગણે જાણે કે મજૂરો કરતા હોય તેવી સ્થિતિ આ પંથકના નાગરિકો અનુભવી રહ્યા છે.

ધનસુરા તાલુકાના બુટાલપંથકના એક સામાન્ય કારખાનેદારે વેચાણવેરાથી લઈ આવકવેરા વિભાગની આંખમાં ધુળ નાખી રાતો રાત વૈભવી જીવનશૈલી અપનાવતાં આ પંથકમાં આશ્ચર્ય સર્જાયું છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા પંથકમાં બોગસ દસ્તાવેજ કોડથી કુખ્યાત બનેલા કારખાનેદાર રાતોરાત માલેતુજાર બની ગયો તેમાં તંત્રના આશીર્વાદ હોવાનું જણાય છે. પોતાના ઉત્પાદન એકમને લીમીટેડ કંપની બનાવી દઈ કાયદાની આંટી ઘુંટીમાં ચાલાક બની ગયેલ અને ભ્રષ્ટ અધિકારીઓ માટે નાણાં કોથળી ખુલ્લી મુકનાર કારખાનેદારના શોષણથી કારખાનાના કામદારે આપઘાતનું કર્યાનું રહસ્ય પણ પોલીસ ફાઈલોમાં કેદ થઈ ગયું છે. આ કારખાનેદારે રાતોરાત આશરે ૫૦ લાખ રૂપિયાની વૈભવી કાર ખરીદી ત્યારે આયકર વિભાગે તપાસના નામે ડીંડક ચલાવ્યું હતું અને તાજેતરમાં જ ધનસુરાના તલોદ રોડ પર બુટાલ ગામ પાસે કરોડો રૂપિયાની જમીન ખરીદતાં સમગ્ર પંથકમાં આ જમીનનો સોદો વિવાદથી ભરેલો અને ચર્ચાસ્પદ બની ગયો છે. આ અંગે આવકવેરા વિભાગમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવનાર છે. અને છતાં પણ કોઈ નક્કર પગલાં નહી ભરાય તો અરજદારો આધાર-પુરાવા સાથે આયકર વિભાગના કમિશનર કક્ષાના અધિકારીઓ સમક્ષ રૂબરૂ રજુઆત કરનાર હોવાનું જાણવા મળેલ છે.

# ભેંસાવાડા ગામે આધેડની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાતા ચકચાર

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામના પટેલ સમાજના આધેડની હત્યા કરાયેલી લાશ મળી આવતાં ભેંસાવાડા ગામ અને ધનસુરા પંથકમાં ચકચાર મચી છે. મંગળવારે રાત્રેથી ગુમ થયા બાદ આજે સવારે આધેડની તીક્ષ્ણ હથીયારના માથાના ભાગે ઘા ઝીંકેલી હાલતમાં લાશ મળી આવતા પરિવારજનોએ આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશને અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે હત્યાનો ગુન્હો ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા હતા.



આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામના ભરતભાઈ શામળભાઈ પટેલ (૫૫ વર્ષ) મંગળવારે સાંજના સુમારે ખેતીકામ અર્થે ખેતરમાં જવા નિકળ્યા હતા. રાત્રીના સમય થયો હોવા છતાં આધેડ ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. બુધવારે સવારે ભેંસાવાડા ગામ નજીકના આવાવરૂ કૂવા પાસેથી ભરતભાઈને માથાના ભાગે તીષ્ણ હથિયારના ઘા ઝીંકેલી લાશ મળી આવતાં પરિવારજનોએ ઘટનાસ્થળે પહોંચી આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશને જાણ કરતા તાબડતોડ ધનસુરા પોલીસ ઘટનાસ્થળે ધસી આવી કાન્તિભાઈ બેચરભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુન્હો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ભરતભાઈનું મોત પૈસાની-લેવડ-દેવડ કે પછી અંગત અદાવતમાં મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનોએ પૈસાની લેતી-દેતીના મામલે આધેડનું કાસળ ઠંડે કલેજે કાઢી નાંખવામાં આવ્યું છે. ધનસુરા પોલીસ દ્વારા ઝડપથી હત્યારાઓને ઝડપી પાડવા માટે ધનસુરા પોલીસે જણાવ્યું હતું.

# અરવલ્લીમાં આજથી પ્રથમ સત્રાંત પરીક્ષાનો આરંભ

મોડાસા, તા. ૨૮

જિલ્લાની જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં આજથી પ્રથમ સત્રાંત પરીક્ષાનો આરંભ થશે. તા. ૨૯થી શરૂ થઈ ૪ નવેમ્બર સુધી દરેક શાળાઓમાં પરીક્ષાનો કાર્યક્રમ ચાલુ રહેશે. ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓને દરેક વિષયના કુલ ૪૦ ગુણની પરીક્ષા લેવામાં આવશે. જે પ્રશ્નપત્રમાં લખવાના રહેશે. જ્યારે ૬ થી ૮ના વિદ્યાર્થીઓને કુલ ૮૦ ગુણની પરીક્ષા રહેશે. જેના માટે જવાબવાહી આપવામાં આવશે. જિલ્લાની શાળાઓમાં શાળાકક્ષાએ સત્રાંત પરીક્ષાની સંપુર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. પ્રથમ સત્રાંત પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૯ નવેમ્બરને સોમવારથી ૨૯ નવેમ્બર સુધી કુલ ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે જ્યારે ૩૦ નવેમ્બરથી જિલ્લાની શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે.

# ઊંઝામાં ગુનેગારો બેફામ બન્યા : પોલીસ નિષ્ક્રીય

## સતત ગુન્હાઓનો ગ્રાફ વધતા લોકોમાં ભય ફેલાયો

ઊંઝા, તા. ૨૮

ઊંઝા વિસ્તારમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર આવેલ સરદારનગર સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદરથી સોના ચાંદીના દાગીના વાસણો તેમજ રોકડ રકમ મળી કુલ દોઢ લાખ ઉપરાંતની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર આવેલ સરદારનગર સોસાયટીમાં રહેતા પટેલ લાલાભાઈ ધુળીદાસ પટેલ મકાન બંધ કરીને બહારગામ ગયા હતા. ત્યારે બે દિવસ દરમ્યાન કોઈપણ સમયે તસ્કરોએ બંધ મકાનના દરવાજાનો નકૂચો તથા સેન્ટર લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરી તોડી તેમાંથી સોનાનો સેટ, સોનાનો દોરો, સોનાની વીંટી, ડોડી, ચાંદીના સિક્કા પાંચ હજારની રોકડ રકમ તથા તાંબા પિત્તળના વાસણો વિગેરે મળી કુલ ૧,૫૦,૭૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



## આલવાડા ગામે ગાડીમાં સંતાડી લઈ જવાતા દારૂ સાથે એકની અટકાયત

બનાસકાંઠાની ધાનેરા પોલીસ ધાનેરા તાલુકાના આલવાડા ગામ પાસેથી ગાડીમાં સંતાડીને લઈ જવાતા દારૂ સાથે એક શખ્સની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. ધાનેરા પોલીસને બાતમી મળેલી કે રાજસ્થાન તરફથી એક સવારી ગાડીમાં દારૂ ભરીને ગુજરાત તરફ ગાડી આવી રહી છે ત્યારે ધાનેરા પી.આઈ. તેમજ અન્ય ધાનેરા પોલીસ સ્ટાફે ધાનેરા તાલુકાના આલવાડા ગામ પાસે વેશ પલટો કરી વોંચ ગોઠવી હતી. ત્યારે સામેથી આવી રહેલી સવારી ગાડી નં. જીજે-૨.બીએચ.૯૦૧૮ને રોકી તેની તલાસી લેતા ગાડીમાંથી દેશી દારૂની બોટલ નંગ ૧૦૮ મળી આવી હતી. જે ધાનેરા પોલીસે જપ્ત કરી હતી અને ગાડી અને ગાડીના ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી ત્યારે આ દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

# હિંમતનગર પાલિકાની સામાન્ય બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર નગરપાલિકાની બુધવારે યોજાયેલી સામાન્ય સભા કોઈપણ જાતના ઠરાવ કર્યા વિના સંપન્ન થઈ હતી. આ અંગે ચીફ ઓફીસર પ્રણવ પારેખના જણાવ્યા મુજબ હિંમતનગર પાલિકાની સામાન્ય બેઠક યોજવા માટે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા અગાઉ નક્કી કરાયું હતું. પરંતુ જિલ્લા પંચાયત, તાલુકા પંચાત અને પાલિકાની ચૂંટણીની તારીખો રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાતાની સાથે જ આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. જેના કારણે બુધવારે યોજાયેલ પાલિકાની સામાન્ય સભામાં કોઈપણ ઠરાવ કે ચર્ચા કર્યા વિના નિયમાનુસાર કોરમ કરીને સભાનું કામકાજ પૂર્ણ કરી દેવામાં આવ્યુ હતું. જોકે આચારસંહિતાના કારણે પાલિકા પ્રમુખ તથા કેટલાક કોર્પોરેટરો પણ સામાન્ય સભામાં સંજોગોવસાત અનુપસ્થિત રહ્યા હતા.



## ધાનેરામાં નવીન ૧૦૮નું લોકાર્પણ કરાયું

બનાસકાંઠાના ધાનેરા ખાતે નવીન ૧૦૮નું ધાનેરા પી.આઈ. દ્વારા લોકાર્પણ કરતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો હતો. ધાનેરામાં ૧૦૮ની સેવા ગરીબ લોકો માટે ખુબજ ફળદાયી નીવડે છે અને ૧૦૮ દ્વારા મોટી સંખ્યામાં લોકોના જીવ પણ બચાવ્યા છે. અને ધાનેરા ૧૦૮ના તમામ કર્મચારીઓએ પણ ધાનેરામાં સારી સેવા આપી લોકોના દિલ જીત્યા છે. ત્યારે આજે ૧૦૮ કર્મચારીઓની ગુજરાત સરકાર દ્વારા રજુઆત સાંભળી બનાસકાંઠાના ધાનેરા ખાતે નવીન ૧૦૮ એમ્બ્યુલન્સ અપાતા નવીન ૧૦૮ એમ્બ્યુલન્સનું ધાનેરા પી.આઈ. દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને લીલી ઝંડી આપી નવીન ૧૦૮ને લોકોની સેવા માટે ખુલ્લી મુકી હતી.

# ભિલોડાના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રના કર્મચારીઓ ૪ માસથી પગાર વિહોણા

મોડાસા, તા. ૨૮

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મુકી હોવા છતાં ગ્રાન્ટોના અભાવે અને યોગ્ય વહિવટી ઉણપના લીધે રાજ્યના છેવાડાના આદિવાસી સમાજ સુધી પહોંચી શકતી નથી. આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓની જાહેરાતો કરાય છે. પરંતુ વહીવટના નામે કોઈ પ્રગતી જણાતી નથી. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત ખેડબ્રહ્માના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર ભિલોડા મુકામે ચલાવવામાં આવે છે. આ કેન્દ્ર ચલાવતા કર્મચારીઓને છેલ્લા ચાર માસથી પગાર ન થતાં હાલત કફોડી બની છે. ત્યૌહાર ટાણે પરિવારજનોની ખુશી છીનવાઈ જતાં કર્મચારીઓમાં માયુષી છવાઈ છે.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતા સાબરકાંઠા અરવલ્લી આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ ખેડબ્રહ્મા સંચાલિત વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્ર ભિલોડા ખાતે ૧૯૯૬થી કાર્યરત છે. જેમાં ફરજ બજાવતા ૧૦ કર્મચારીઓ ફિક્સ સરકારના ધારાધોરણ મુજબ નિયુક્તી પામેલા છે. આ સંસ્થા દ્વારા આદિવાસી સમાજના બેરોજગાર યુવાનોને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા ગ્રાન્ટ ચુકવવામાં આવે છે. પરંતુ પાછલા બે વર્ષથી ગ્રાન્ટના ઠેકાણા ન પડતા તાલીમ કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને પગાર અનિયમીત મળતો હોવા છતાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. પરંતુ પાછલા ચાર મહિનાથી તાલીમ કેન્દ્રમાં ફરજ બજાવતા ૧૦ કર્મચારીઓનો પગાર ન થતાં કર્મચારીઓની હાલત કફોડી બની છે. ત્યૌહારોની સીઝનમાં કુટુંબનું ભરણપોષણ કરવામાં પણ કર્મચારીઓને મુશ્કેલી પડી રહી છે. કર્મચારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા ચાર માસથી ગ્રાન્ટના અભાવે પગાર ન થતાં મોંઘવારીની મહામારીમાં કર્મચારીઓના પરિવારજનોની આર્થીક, માનસીક તેમજ સામાજીક પરિસ્થિતિ બિલકુલ બેહાલ થઈ ગઈ છે. કર્મચારીઓ દ્વારા ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ બોર્ડમાં વારંવાર રજૂઆત કરવા છતાં પગારનો નિવેડો નથી આવ્યો. ભિલોડા વ્યવસાયલક્ષી તાલીમમાં ફરજ બજાવતા કર્મચારીઓનો પગાર જો તાત્કાલિક નહિ થાય તો ત્યૌહારોમાં પરિવારજનો અને કર્મચારીઓ લાચાર બની રહેશે.

# ભાજપ પ્રદેશ નિરીક્ષકો આજે હિંમતનગરમાં આવશે

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર પાલિકાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાતાની સાથે જ શહેરમાં ખુશનુમા ઠંડી સાથે હવે રાજકીય હવામાન પણ ગરમાઈ રહ્યું છે. મુખ્ય બે હરિફ પક્ષોના કાર્યાલયો ધમધમતા થવા સાથે પક્ષોના આગેવાનો, નિરીક્ષકોની બેઠકોના દોર શરૂ થયો છે. પાટીદાર આંદોલન, દિપાવલીના તહેવાર અને આગામી કારતક માસમાં લગ્નસરા સીઝનને પગલે ચૂંટણી લડવા તત્પર આગેવાનોમાં ચિંતાની લકીરો જોવા મળી રહી છે. દરમ્યાન તાજેતરમાં પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકોએ હિંમતનગરની મુલાકાત લઈને ટિકિટ વાંચ્છુઓને સાંભળ્યા હતા.

હિંમતનગર શહેર ભાજપના મહામંત્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે આગામી પાલિકાની ચૂંટણી સંદર્ભે સીટીંગ ઉમેદવારો અને ચૂંટણી લડવા ઈચ્છુક નવા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા સંદર્ભે પ્રદેશના નિરીક્ષકો ગૃહ રાજ્ય મંત્રી રજનીભાઈ પટેલ, અશોકભાઈ ભાવસાર અને નીમાબેન આચાર્યા ગુરૂવારે હિંમતનગર ખાતે આવશે.

બીજી તરફ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને હિંમતનગર પાલિકાની ચૂંટમી સંદર્ભે બુધવારે હિંમતનગરના વક્તાપુર નજીક આવેલ મીની પાવાગઢ ખાતે પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો ગોવાભાઈ રબારી, માજી મંત્રી કિરીટભાઈ પટેલે આવીને ટિકીટ વાંચ્છુઓને સાંભળ્યા હતા.




પાલનપુર ખાતે ટાટા કેમીકલર્સ કંપની દ્વારા ખેડૂતો માટે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ વર્ગમાં ખાતર-બિયારણ વિક્રેતા અને સહકારી આગેવાનો ગીરીશભાઈ જગાણીયા, શામળભાઈ ચૌધરી, તાલુકા સંઘના મેનેજર દલસંગભાઈ તેમજ સંજય પાંડે, દિપક રાય હાજર રહ્યા હતા.

# મોકમપુરાની સીમમાંથી કેબલ તથા ખેતીના ઓજારો ચોરાયા

વડાલી તાલુકાના મોકમપુરા ગામની સીમમાંથી પોશીના તાલુકાના દેમતી રાજગઢા ફળીયામાં રહેતા તાજેતરમાં બે શખ્સોએ રૂ. ૧૫ હજારની કિંમતના કેબલ તથા રૂ. ૨ હજારના ખેતીના ઓજારોની ચોરી કરી જતાં તે અંગે મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે મોકમપુરામાં રહેતા રાજેન્દ્રભાઈ અમૃતલાલ બ્રહ્મભટ્ટના ખેતરમાંથી અગિયાર દિવસ અગાઉ દેમતીના રામીભાઈ ભીખાભાઈ પરમાર તથા દિનેશભાઈ રામીભાઈ પરમારે ૭૦૦ ફૂટનો કેબલ તથા રૂ. ૨ હજારના ખેતીના ઓજારો મળી રૂ. ૧૭ હજારની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે રાજેન્દ્રભાઈ બ્રહ્મભ્ટે બંને વિરૂદ્ધ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વાવકંપા નજીક બે વાહનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ઈસરી, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામ નજીક રાજસ્થાન રાજ્યની આંતરરાજ્ય સરહદ હોવાથી ગુજરાત રાજ્યના બુટલેગરો દ્વારા ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને નશીલા દ્રવ્યો ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ઈસરી પોલીસે સોમવારે રાજસ્થાન તરફથી આવતા સ્કૂટર અને પલ્સર ગાડીમાં ગેરકાયદેસર હેરાફેરી કરતો વિદેશી દારૂનો ૧૦૨૦૦નો જથ્થો ઝડપી પાડી ફરાર બન્ને ટુ-વ્હીલર ચાલક વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બન્ને ટુ-વ્હીલર ચાલકોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.




ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ભાટીએ આંતરરાજ્ય સરહદ રેલ્લાવાડા નજીક અને રાજસ્થાન તરફથી ગુજરાત રાજ્યને જોડતા ધોરીમાર્ગો પરથી પસાર થતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતું. રેલ્લાવાડા નજીક વાવકંપા પાસેથી પૂરઝડપે પસાર થતા એક્ટીવા ચાલકે પોલીસ દ્વારા ચેકીંગ થતું જોઈને એક્ટીવા (ગાડી નં. જીજે૦૯સી.૮૫૧૧)નો ચાલક રોડ પર એક્ટીવા મુકીને ફરાર થઈ ગયો હતો. ઈસરી પોલીસે એક્ટીવા પર લગાવેલા વિમલ પાન મસાલાના થેલાની અને એક્ટીવાની તલાશી લેતા થેલામાંથી ૨૪ નંગ ૭૫૦ એમ.એલ. વિદેશી દારૂની કિંમત રૂ. ૭૨૦૦ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઈસરી પોલીસ દ્વારા આ અંગે ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી હતી. ત્યાં વાવકંપા નજીક અન્ય એક લાલ કલરની પલ્સર (ગાડી નં. જીજે૦૯.૬૧૫૯) રોડની બાજુમાં પાર્ક કરેલી મળી આવતા પલ્સર બાઈક પર લટકાવેલી કોલેજ બેગમાંથી ૧૦ નંગ વિદેશી દારૂની કિંમત રૂ. ૩૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બન્ને વાહનચાલકો વિરૂદ્ધ ઈસરી પોલીસે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.